Letter No: SJED/0083/04/2024 Dt: 06-04-2024

નવી બાબત ૨૦૨૪-૨૫ એસસીડબલ્યુ-૩૧ સમરસ કન્યા છાત્રાલયોના મકાન બાંધકામ બાબત રૂ.૨૨.૩૦.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: SJED/MSC/e-file/17/2023/3454/**K Section**

સચિવાલય ગાંધીનગર

તા. / /૨૦૨૪

<u>વંચાણમાં લીધા:</u>

**(૧)** વિભાગનો તા.૧૬/૦૩/૨૦૨૪ના સમાન ક્રમાંકનો ઠરાવ.

સુધારા ઠરાવ:-

વંચાણે લીધેલ (૧) પરના વિભાગના**તા.૧૬/૦૩/૨૦૨૪**ના ઠરાવથી સમરસ કન્યા છાત્રાલય-(૧) સુરેન્દ્રનગર, (૨) બારડોલી, જિ.સુરત, (૩) બાલાસિનોર, જિ.મહિસાગર, (૪) કોડીનાર, જિ.ગીર-સોમનાથના મકાનના બાંધકામ સારૂ અનુક્રમે રૂ.૭.૯૨ કરોડ, રૂ.૩.૭૯ કરોડ, રૂ.૪.૧૧ કરોડ અને રૂ.૬.૪૮ કરોડ આમ કુલ રૂ.૨૨.૩૦ કરોડની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫માં વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. ઉકત ૦૪ છાત્રાલયોના મકાન બાંધકામ માટે કુલ બજેટ એસ્ટીમેટ રૂ.૬૭.૫૫ કરોડને વહીવટી મંજૂરી મળેલ છે. પરંતુ આ કુલ બજેટ એસ્ટીમેટમાંથી જિલ્લાવાર છાત્રાલયોની કુલ એસ્ટીમેટની રકમ સરતચૂકથી દર્શાવવાની બાકી રહી ગયેલ છે.

૨. ઉકત ક્રમ નં.(૧) પરના વંચાણે લીધેલા ઠરાવમાં દર્શાવેલ ચાર જિલ્લાવાર સમરસ છાત્રાલયના બાંધકામ અન્વયે કુલ બજેટ એસ્ટીમેટ નીચે મુજબ છે.

**(૧)** સમરસ કન્યા છાત્રાલય, જિ.સુરેન્દ્રનગરના બાંધકામ માટે મંજુર થયેલ એસ્ટીમેટ રૂ.૨૪.૦૦ કરોડની સામે રૂ.૭.૯૨ કરોડ ખર્ચ કરવાની **(૨)** સમરસ કન્યા છાત્રાલય,બારડોલી, જિ.સુરતના મકાનના બાંધકામ માટે મંજુર થયેલ એસ્ટીમેટ રૂ.૧૧.૪૮ કરોડની સામે રૂ.૩.૭૯ કરોડ ખર્ચ કરવાની, **(૩)** સમરસ કન્યા છાત્રાલય, બાલાસિનોર,જિ.મહિસાગરના મકાનના બાંધકામ માટે મંજુર થયેલ એસ્ટીમેટ રૂ.૧૨.૪૫ કરોડની સામે રૂ.૪.૧૧ કરોડ ખર્ચ કરવાની, અને **(૪)** સમરસ કન્યા છાત્રાલય,કોડીનાર, જિ. ગીર-સોમનાથના મકાનના બાંધકામ માટે મંજુર થયેલ એસ્ટીમેટ રૂ.૧૯.૬૨ કરોડ ની સામે રૂ.૬.૪૮ કરોડ ખર્ચ કરવાની એમ કુલ મંજુર થયેલ એસ્ટીમેટ રૂ.૬૭.૫૫ કરોડના 33% લેખે રૂ.૨૨.૩૦ કરોડની નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫ની વહીવટી મંજુરી આપવામાં આવે છે એમ વંચાણે લેવા આથી ઠરાવવામાં આવે છે .

ઉપર જણાવેલ સુધારા સિવાય આ વિભાગના**તા.૧૬/૦૩/૨૦૨૪**ના સમાનાંકી ઠરાવની અન્ય વિગતો અને શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign

Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Apr-2024 (12:37 PM)

(ધર્મિષ્ઠા વસાવા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**પ્રતિ,**

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રીના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪